# ડીસાના ગુલબાણી નગરમાં સફાઈ મુદ્દે ભારે હોબાળો

## રહીશો દ્વારા બિલ્ડરના માણસો વિરુદ્ધ પોલિસ અને નગરપાલિકામાં રજૂઆત

ડીસા શહેરના ગુલબાણી નગરમાં ગંદકીના મુદ્દે સ્થાનિક રહીશો અને બિલ્ડર વચ્ચે ઘણા સમયથી ગજગ્રાહ ચાલી રહ્યો છે. ત્યારે મંગળવારે નગરપાલિકા દ્વારા સફાઈ કામગીરી શરૂ કરતા હોબાળો મચી જવા પામ્યો હતો. જેથી બિલ્ડરના માણસો સામે કાયદેસરની કાર્યવાહી કરવા ડીસા નગરપાલિકા અને ઉત્તર પોલીસને રજૂઆત કરવામાં આવી છે.

ગુલબાણી નગરમાંથી પસાર થતાં ૧૦૦ ફુટના રોડ ઉપર ગટરના ગંદા પાણીથી થતી ગંદકીની સમસ્યાના કાયમી ઉકેલ માટે સ્થાનિક રહીશોએ નગરપાલિકાથી લઈ છેક મુખ્યમંત્રી સુધી લેખિત રજૂઆતો કરવામાં આવી છે. સોસાયટીના રહીશોની રજૂઆતને પગલે મંગળવારે ડીસા નગરપાલિકાની ટીમ સાફસફાઈ માટે આવી પહોંચી હતી. જે દરમ્યાન સ્થાનિક રહીશો અને બિલ્ડરના માણસો વચ્ચે ચકમક ઝરી હતી. જો કે મામલો ઉગ્ર બને તે પહેલાં પોલીસે સ્થળ પર પહોંચી જઈ મામલો થાળે પાડયો હતો.

બુધવારે ગુલબાણી નગરના રહીશોએ ડીસા શહેર ઉત્તર પોલીસ અને ડીસા નગરપાલિકા કચેરી ખાતે પહોંચી પાલિકાની કામગીરીમાં અડચણરૂપ બનતાં પુનમચંદ ચુનાજી માળી અને મનુભાઈ ઉર્ફે કાળુભાઈ ઠાકોર (આસેડાવાળા) સામે પોલીસ કાર્યવાહી કરવા લેખિત રજૂઆત કરવામાં આવી છે. આ અંગે મુખ્ય અધિકારી ઉપેન્દ્ર ગઢવીએ જણાવ્યું હતું કે, સફાઈની કામગીરી ચાલી રહી છે અને જયા પાણી ભરાયું છે ત્યાં માટી નાખવામાં આવી રહી છે.

### પાલિકાની મિલીભગત હોવાનો આક્ષેપ

ડીસા નગરપાલિકા રાજકીય દબાણ વચ્ચે કામ કરી રહી છે. ડીસા નગરપાલિકાના કર્મચારીઓ અને બિલ્ડર લોબીના માણસો વચ્ચે મિલીભગત જોવા મળી રહી હોવાનો આક્ષેપ સ્થાનિક રહીશ શૈલેષભાઈ રાયગોરે કર્યો હતો.

# પ્રાંતિજના ઝાલાની મુવાડી ખાતે પોલીસ બંદોબસ્ત વચ્ચે વાડામાં ભરેલા લાકડાંમાં આગચંપી

## ફરીયાદીના જ વાડામાં ભરેલા લાકડાંમાં આગચાપી : પ્રાંતિજ ફાયર ટીમે ઘટના સ્થળે જઇને આગ હોલવી : ક્ષત્રિય સમાજ દ્વારા પોલીસ દમનગીરીને લઇને પ્રાંન્ત અધિકારી તથા મામલતદારને આવેદનપત્ર આપ્યું : ઝાલાની મુવાડી ખાતે છઠ્ઠા દિવસે પણ ભારેલા અગ્નિ જેવી સ્થિતિ

પ્રાંતિજ, તા.૧૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના ઝાલાની મુવાડી ગામે અનુસુચિત જાતિના લગ્નમાં ધર્ષણને લઈને ગામમાં ભારે અગ્ની જેવી સ્થિતિ છે તો પોલીસની દમણગીરીને લઈને ક્ષત્રિય તાલુકાના ઝાલાની મુવાડી ખાતે છેલ્લા છ દિવસથી ડીજે નહી વગાડવા દેવાને લઈને ગામમાં ભારે અગ્ની જેવી સ્થિતિ પેદા થઈ છે. અને પરિવાર દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં અગાઉથી જ ૬૩૫૧ રૂપિયા ભરીને પોલીસ પ્રત્યે અપમાનિત શબ્દો, પથ્થરમારો તથા બિભત્સ ગાળો બોલતા ગામના જ લોકો સાથે એટ્રોસીટીની ફરીયાદ કરવામાં આવી હતી. ફરીયાદ બાદ હાલ તો પરિવારના સભ્યો પણ બીકના મારે ગામ છોડીને જતાં રહ્યાં છે. હાલ ગામ ખાલી ખમ જેવું લાગી રહ્યું છે. ગામમાં પોલીસનો ચુસ્ત બંદોબસ્ત હોવા છતાં ફરીયાદીના ઘર પાસે આવેલ વાડામાં પડેલા લાકડાંમાં આગચાપી છબકલુ થયું હતું. આગના સમાચાર પ્રાંતિજ ફાયર ટીમને મળતા તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી આગ હોલવી હતી. તો પોલીસ દ્વારા રાત્રીના ફરીયાદીના ઘરોમાં કોબીગ કરતાં મહિલાઓ તથા બાળકીઓ સાથે સંઘર્ષ થતાં પોલીસે દમનગીરી કરી હતી તેવું મહિલાઓ અને ગ્રામજનો જણાવી રહ્યાં હતાં.

પોલીસની દમનગીરી સામે ક્ષત્રિય સમાજમા રોષ જોવા મળ્યો હતો. પ્રાંતિજ તાલુકામાં આવેલ ક્ષત્રિય સમાજના આગેવાનો સહિત સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં અને પોલીસની દમનગીરી સામે પ્રાંતિજ તલોદના પ્રાંન્ત અધિકારી તથા પ્રાંતિજ મામલતદાર ભગોરાને આવેદનપત્ર આપી રજુઆતો કરી હતી.

પ્રાંતિજ પોલીસ દ્વારા રાત્રીના સમયે આગચંપીના બનાવને લઈને ફરીયાદી કનુભાઈ હિરાભાઈ ચમાર રહે. ઝાલાની મુવાડીના એક ટ્રકટર લાકડાં કોઈ અજાણ્યા ઈસમો દ્વારા બાળી મુકાતા ફરીયાદીની ફરીયાદના આધારે પ્રાંતિજ પોલીસે અજાણ્યા ઈસમો વિરૂધ્ધ ગુનો નોધી તપાસ હાથ ધરી હતી.







સમાજ દ્વારા પ્રાન્ત અધિકારી તથા મામલતદાર ને આવેદનપત્ર આપ્યું .

હજુ આઝાદીના વરસો બાદ પણ દલિતોની હજુ અવગણના થઈ રહી છે તેવા ઉપરા ઉપરી કિસ્સાઓ સામે આવી રહ્યા છે. ત્યારે પ્રાંતિજ પ્રોટેકશન માગ્યું હતું. પોલીસની હાજરી હોવા છતાં ગામમાં ડીજે વગાડવા માં આવ્યું નહતું અને હોબાળો થતાં ડીજેવાળો પરત ગયો હતો. તો કાન્તીભાઈ મેલાભાઈ લેઉવા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ૩૩ પુરૂષો તથા ૨૦થી૨૫ મહિલાઓ સામે જાતિ તો બીજી તરફ ગામજનો તથા પોલીસ ચોપડે લખાયેલા આરોપીઓ પણ પોલીસની બીકના મારે ગામ છોડીને ગામમાંથી જતાં રહ્યાં છે.

હાલમાં ગામમાં છુટાછવાયા પરિવાર તથા મહિલાઓ છોકરાઓ છે ત્યારે

# કચ્છ માલધારી સમાજના અગ્રણીનો આદિવાસી સમાજ વિરુદ્ધ બફાટ કરતો વિડીયો વાઈરલ

અનુસૂચિત જનજાતિમાં કોઈને પણ સામેલ કરવાનો અધિકાર માત્ર રાષ્ટ્રપતિને જ છે પરંતુ, ગુજરાત સરકાર દ્વારા સમાજ વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી કરતો વિડીયો સોશ્યલ મીડિયામાં વાઈરલ થતા અરવલ્લી જીલ્લાના આદિવાસી સમાજમાં વૈમનસ્ય પેદા કરી વર્ગ વિગ્રહ ફેલાય એવા અને આદિવાસી સમાજની સામે અણછાજતી અને ધિક્કારની ભાવનાથી હીન ભાષાનો



સમયાંતરે ઠરાવો કરી અનેક રબારી- ભરવાડ અને ચારણને અનુસૂચિત જનજાતિનો દરજજો અપાયો હોવાના આક્ષેપ સાથે ૨૬ દિવસથી ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ખાતે આદિવાસીઓ આંદોલન કરી રહ્યા છે. તેમની માંગણી છેકે આદિવાસીઓના નામે ખોટા પ્રમાણપત્રો મેળવીને કેટલાક લોકો સરકારી નોકરીઓ મેળવી રહ્યા છે જેને કારણે તેમના મૂળભૂત અધિકારોનુ હનન થઈ રહ્યુ છે. અને ૨૬ ફેબ્રુઆરીએ વિધાનસભાનો ઘેરાવ કરવાના છે. ત્યારે કચ્છ રાપરના માલધારી સમાજના અગ્રણી ધારાભાઈ કાલાભાઈ ભરવાડનો આદિવાસી ભારે આક્રોશ પેદા થયો છે અને આ શખ્સ વિરુદ્ધ એટ્રોસિટી એક્ટ હેઠળ ગુન્હો નોંધી ધરપકડ કરવાની માંગ ઉઠી છે.

મેઘરજ પોલીસ સ્ટેશનમાં સાચા આદિવાસી અધિકાર સમિતિ દ્વારા ધરણા કરી પી.આઈ.ને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે બોગસ આદિવાસી પ્રમાણપત્રો રદ કરવા ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન ચાલી રહ્યું છે. ત્યારે કચ્છ જીલ્લાના તાલુકાના વાગડ માનવ વિકાસ ટ્રસ્ટના અને માલધારી સમાજના અગ્રણી ધારાભાઈ કાલાભાઈ ભરવાડે જાતિ-જાતિ વચ્ચે જાતિવાદી પ્રયોગ કરેલ તેવો વિડીયો સોશ્યલ મીડિયામાં વાઈરલ થયેલ છે તો આ સોશ્યલ મીડિયામાં વાઈરલ થયેલા વીડિયોને આધાર પુરાવા તરીકે માન્ય રાખી ધારાભાઈ કાલાભાઈ ભરવાડ વિરુદ્ધ એટ્રોસિટી એક્ટ હેઠળ ગુન્હો નોંધવાની માંગ કરી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ધરણા યોજયા હતા અને સંવિધાનના આર્ટિકલ ૧૪, ૧૫ અને ૧૯નો ભંગ કરેલ છે. તો સમસ્ત આદિવાસી સમાજે ધારાભાઈ કાલાભાઈ ભરવાડ વિરુદ્ધ દરેક ધારા લગાવી કાયદેસરની કાર્યવાહી કરવા અને ફરિયાદ નોંધવા આદિવાસી સમાજ મેઘરજે માંગ કરી હતી.

# ભિલોડાના જસવંતપુરા ગામમાં વહેમીલા પતિએ પત્નીનું કાસળ કાઢ્યું

ભિલોડા, તા.૧૯

જર, જોરૂ અને જમીન કજીયાનું છોરૂ કહેવત અનુસાર કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. હત્યાના બનાવ સંદર્ભે ભિલોડા પંથકમાં ચારેકોર ચકચાર મચી જવા પામી છે. ભિલોડા તાલુકાના મલેકપુર ગામમાં જુથ અથડામણ દરમ્યાન બી.એસ.એફ. જવાનની હત્યાની શાહી હજુ સુકાઈ નથી ત્યાં જસવંતપુરા ગામમાં વહેમીલા પતિએ પત્નીનું મારા-મારી દરમ્યાન મોઢાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી ગળુ દબાવી હત્યા કરતા ચકચાર મચી જવા પામી છે. ઘર કંકાસના કારણે ૪ સંતાનોની માતાની હત્યાનો બનાવ પ્રકાશમાં આવતા અવનવી ચર્ચાઓએ ભારે જોર પકડ્યું છે. પોલીસએ મહિલાની હત્યાના બનાવ સંદર્ભે હત્યારા પતિ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ સ્ટેશનના આધારભુત સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ જશવંતપુરા ગામના નરસિંહભાઈ કમજીભાઈ બામણાએ ઘર કંકાસ દરમ્યાન પત્ની ઉપર વહેમ રાખી ઝઘડા અને મારા-મારી દરમ્યાન પત્ની રમીલાબેન નરસિંહભાઈ બામણા (આશરે ઉંમર.વર્ષ-૪૨)ના મોઢાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી ગળુ દબાવીને જીવલેણ હથીયારો વડે પત્નીનું મોત નિપજાવી હત્યારો પતિ પલાયન થઈ ગયો છે. પોલીસએ હત્યારા પતિ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સરીપડામાં વરઘોડા પર પથ્થરમારો કરનાર ૮ આરોપીઓની ધરપકડ

## જિલ્લા પોલીસ વડા અને કલેક્ટરે લીધી હતી દલિત પરિવારની મુલાકાત દલિત પરિવારને આપ્યું હતું આશ્વાસન : દલિત વરરાજાના વરઘોડા પર પથ્થરમારો કરનારા આરોપીઓની ગણતરીના કલાકોમાં પોલીસે કરી ધરપકડ

પાલનપુર તાલુકાના સરીપડા ગામમાં દલિત વરરાજા ઘોડે ચડીને વરઘોડો કાઢવા ગયા ત્યાં જ સરિપડા ગામના કેટલાક અસામાજીક તત્વોએ પથ્થરમારો કરતા વાતાવરણ ડહોળાયું હતું. જોકે, પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે જઈને મામલો થાળે પાડ્યો હતો. પોલીસ રક્ષણ વચ્ચે આ દલિત વરરાજાનો વરઘોડો નીકળ્યો હતો. જોકે, પોલીસે હુમલો કરનાર ૧૧ આરોપીઓ સામે ફરિયાદ નોંધી હતી અને ગણતરીના કલાકોમાં જ આઠ આરોપીઓની ધરપકડ કરી હતી.

પાલનપુર તાલુકાના સરીપડા ગામે દલિત પરિવારની જાન નીકળી હતી અને સરિપડા ગામના કેટલાક અસામાજીક તત્વોએ આ દલિત વરરાજા ના વરઘોડા પર પથ્થરમારો કર્યો હતો જેને લઈને પોલીસ ઘટના સ્થળે તાત્કાલીક દોડી આવી હતી અને મામલો સંભાળ્યો હતો પોલીસ રક્ષણ વચ્ચે આ વરરાજાની જાન નીકળી હતી જોકે ત્યારબાદ ગઢ પોલીસે અગિયાર આરોપીઓ સામે ફરિયાદ નોંધી હતી. જે પૈકી આઠ આરોપીઓની ગણતરીના કલાકોમાં ધરપકડ કરવામાં આવી હતી.



દલિત વરરાજા પર પથ્થરમારાની ઘટનાને લઈને જિલ્લા પોલીસ વડા તરૂણ દુગ્ગલ અને જિલ્લા કલેકટર સંદીપ સાંગલે પણ સરીપડા દલિત પરિવારને મળવા પહોંચી જઈ પરિવાર ને આશ્વાસન આપ્યું હતું. જોકે, અત્યારે તો પોલીસે આઠ આરોપીઓની ધરપકડ કરીને આરોપીઓને જેલ હવાલે કરાયા છે. ત્યારે પોલીસ અને વહીવટીતંત્રની સમય સૂચકતાથી એક ગંભીર ઘટના બનતા અટકી ગઈ હતી.

# ઈડર વિસ્તારમાં બે દિગંબર જૈન મુનિ કાળધર્મ પામતા જૈન સમાજમાં ભારે શોક

તલોદ, તા. ૧૯

સાબરકાંઠા જિલ્લાના ઈડર પંથકમાં ચાલુ માસમાં જ બે દિગંબર જૈન મુનિ મહારાજશ્રીઓ કાળધર્મ પામતાં સાબરકાંઠા તથા ગાંધીનગરના દિ.જૈન મુનિપંથ પરિવારોમાં વ્યથાની લાગણી અનુભવે છે. બે મહારાજશ્રીઓમાં એક તલોદથી વિહાર કરી ઈડર તરફ જતા હતા ત્યારે ઈડર શહેર પહોંચ્યા પહેલાં જ તેઓ કુદરતી કાળધર્મ પામ્યા હતા. જ્યારે બીજા એક મુનિ મહારાજ ગાંધીનગરથી ચાર્તુમાસને અંતે વિહાર કરી રાષ્ટ્રિય ધોરી માર્ગ ઉપરના પ્રાંતિજ સણાલ હિંમતનગર થઈ ઈડર પહોંચ્યા હતા. જ્યાં તેઓ કાળધર્મ પામ્યા હતા. કાળધર્મ પામેલા મુન મહારાજની પાલીખીયાત્રામાં દિ.જૈન મુનિ પરિવારો મોટી સંખ્યામાં આવીને જોડાયા હતા.


સાબરકાંઠા જિલ્લાના તાલુકામથક તલોદનગર અને તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં રહેતા દિ.જૈન મુનિપંથી પરિવારોને વ્યથા પહોંચાડનારી ટુંકા ગાળામાં જ કાળધર્મ પામેલા ૨ મુનિમહારાજશ્રીઓની ઘટનાની જોવા મળી હતી.

અન્ય ઘટના સંદર્ભે મળેલી માહિતી અનુસાર આચાર્યશ્રી ૧૦૮ ધન્યસાગરજી મુનિ મહારાજ




વિગત કંઈક એવી છે કે તલોદ ખાતે તાજેતરમાં જ પૂ. શ્રી અમિતસાગરમુનિ મહારાજનો ગાંધીનગરથી દહેગામ થઈ તલોદ આવેલ. પ. મુનિ મહારાજનો આ અવગત સપ્તાહમાં તલોદથી વિહાર પામી તારંગા તિર્થક્ષેત્ર તરફ જવા નિકળ્યા હતા. જેમાં ૧૦૮ પૂ. અણમોલ સાગરજી મુનિ મહારાજ પણ સામેલ હતા. આ સંઘ ઈડર પહોંચે તે પહેલા જ મુનિશ્રી પૂ. અણમોલસાગરજીએ અંતિમ શ્વાસ છોડી દેતાં તેઓ કાળધર્મ પામ્યા હતા. જેઓની પાલખીયાત્રા જયજયકારના નારાઓ સાથે ઈડર ખાતે પ્રસ્થાન પામી હતી. પોણી સદી વટાવી ચુકેલા અને અહી કાળધર્મ પામેલા મુનિશ્રી અણમોલસાગરજી મહારાજના અંતિમ દર્શન માટે ભારે ભીડભાડ ગાંધીનગર ખાતેથી ચાર્તુમાસ પુરો થતાં વિહાર કરી ઈડર જવા પ્રસ્થાન પામ્યા હતા. અડધી સદી વટાવી ચુકેલા આ મુનિ મહારાજશ્રી મૂળ ગાંધીનગરના ગૃહસ્થી હતા. જેઓનું મૂળનામ હરેશભાઈ દિનેશભાઈ શાહ હતુ. તેઓએ સમયાંતરે ગૃહસ્થ જીવનનો ત્યાગ કરીને, ક્ષુલ્લક દિક્ષા અને ત્યારે મુનિ દિક્ષા ગ્રહણ કરી હતી. ત્યારથી તેઓની ઓળખ પૂ. અણમોલ સાગરજી મુનિ મહારાજ તરીકે થવા પામી હતી. તાજેતરમાં આવતા દિ. દૈન સંપ્રદાયના પર્યુષણપર્વ નિમિત્તે ૧૦ ઉપવાસની આરાધના કરી હતી. તપ-ચારિત્ર્ય અને ધ્યાન બાબતે તેઓની સિદ્ધિ ઉચ્ચશિખરે બિરાજમાન હતી. જેઓ ગત રવિવારે સવારે ઈડર ખાતે કાળધર્મ પામ્યા હતા.

# ધનસુરા ACE ઈન્ટરનેશનલ સ્કૂલના વાર્ષિકોત્સવની ઉજવણી




ધનસુરા એ. સી. ઈ. ઈન્ટરનેશનલ સ્કૂલના ત્રીજા વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમ કચ્છ કડવા પાટીદાર સમાજ ની વાડી ખાતે ઉજવવામાં આવ્યો હતો કાર્યક્રમ ને દીપ પ્રાગટય કરી શરુ કરવામાં આવ્યો હતો. જેમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમમાં બાળકોએ સ્વાગત ગીત, વિવિધ ગીતો પર ડાન્સ,કેટવોક અને વિવિધ કાર્યક્રમો રજૂ કર્યા હતા. બાળકોએ સુંદર કાર્યક્રમથી સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ કાર્યક્રમ નું આયોજન એ. સી. ઈ ઈન્ટરનેશનલ સ્કૂલના આચાર્ય રાજકુમારી રાઠોડ શિક્ષકગણ ધ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ધનસુરાના સરપંચ યશવંતભાઈ પટેલ, અશ્વિનસિંહ સિસોદિયા ભરતભાઈ પટેલ, દિલાવરસિંહ રાઠોડ, રવિભાઈ પટેલ, હરપાલસિંહ રાઠોડ વાલીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# બાવળકાંઠીયા પાસે બાઈક સ્લીપ થઈ જતા ચાલકનું મોત : બે ને ઈજા

હિંમતનગર, તા. ૧૯

પોશીના તાલુકાના ખેરોજ પોલીસ સ્ટેશનની હદમાં આવેલ બાવળકાંઠીયા ગામના રોડ પરથી સોમવારે પસાર થઈ રહેલ એક બાઈક ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે રોડ પર હંકારતા બાઈક પલ્ટી ખાઈ ગયું હતું. જેના લીધે બાઈકચાલકને ગંભીર ઈજા થતા મોત નિપજયુ હતુ. તથા બાઈક પાછળ બેઠેલા બે જણાને ઈજા થઈ હતી. જે અંગેની ફરીયાદ મંગળવારે ખેરોજ પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે ખેડબ્રહ્મા તાલુકાના બોડીયાના તળાવ ગામના રવિન્દ્રભાઈ ભગાભાઈ સોલંકીએ ખેરોજ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ તા. ૧૭ ફેબ્રુઆરીને સોમવારના રોજ સાંજના સુમારે બાળવકાંઠીયા ગામના રોડ પરથી બાઈક નં. જીજે-૦૯-ડીડી-૧૭૭૬ના ચાલક નિરજકુમાર રવિન્દ્રભાઈ સોલંકીની બાઈકની પાછળ રાજેશકુમાર ફતાભાઈ ગમાર તથા કનુભાઈ અરવિંદભાઈ સોલંકીને બેસાડી જઈ રહ્યા હતા ત્યારે નિરજકુમારે બાઈક ગફલતભરી રીતે અને બેદરકારીપૂર્વક હંકારવાનુ શરૂ કર્યુ હતુ.

જેના લીધે નિરજકુમારે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી દીધો હતો જેથી બાઈક પલ્ટી ખાઈ ગયુ હતુ અને બાઈક પર જઈ રહેલ નિરજકુમાર, રાજેશકુમાર તથા કનુભાઈને ઈજા પહોંચી હતી. દરમ્યાન બાઈક પલ્ટી ખાઈ જતા ગંભીર રીતે ઘવાયેલા નિરજકુમાર સોલંકીનું સારવાર દરમ્યાન મોત નિપજ્યુ હતુ.

# પાલનપુર એરોમા સર્કલ પાસેથી વિદેશી દારૂ ભરેલી કાર સાથે એક શખ્સની અટકાયત

બનાસકાંઠા એલસીબી પોલીસ પેટ્રોલિંગમાં હતી.તે સમયે પાલનપુર એરોમા સર્કલ પાસેથી કારમાંથી વિદેશી દારૂ સાથે એક સખ્સની અટકાયત કરી રૂ.૨.૭૦ લાખનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવતા બુટલેગરોમાં ફફડાટ પ્રસરી ગયો હતો.તેમજ કાર મુકી ભાગી ગયેલ શખ્સની શોધખોળ હાથ ધરવામાં આવી હતી.

બનાસકાંઠામાં કેટલાક બુટલેગરો દ્વારા ખાનગી રીતે દારૂની હેરાફેરી કરવામાં આવતી હોવાની ફરીયાદોના પગલે ભૂજ બોર્ડર રેન્જના સુભાષ ત્રીવેદી અને બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા તરૂણ દુગ્ગલ દ્વારા તમામ પોલીસ સ્ટેશનને દારૂના કેસ કરવા સુચના આપવામાં આવી હતી. જેના પગલે પાલનપુર એલસીબી પી.આઈ એચ.પી.પરમાર સ્ટાફના નરેશભાઈ, દિગ્વિજયસિંહ, મહેરભાઈ, દિનેશભાઈ અને પ્રવિણભાઈ સહીતના સ્ટાફ સાથે પાલનપુરમાં પેટ્રોલિંગમાં હતા.તે સમયે બાતમી મળી હતી.કે કારમાં વિદેશી દારૂ આવી રહ્યો છે.જેના પગલે પાલનપુર એરોમા સર્કલ પાસે એલસીબી પોલીસેની ટીમે નાકાબંધી કરી હતી.તે સમયે એક સંકાસ્પદ એસન્ટ કાર નંબર જી.જે.૨૪. એ. એફ. ૮૯૯૫ને રોકાવા જતા પોલીસને જોઈ ચાલક કાર મુકી ફરાર થઈ ગયો હતો.ત્યારબાદ કારની તલાસી લેતા કારમાંથી દારૂ તેમજ બિયરની બોટલ નંગ ૬૧૨ કિંમત રૂ.૬૭,૨૦૦નો મળી આવ્યો હતો.જેથી પોલીસે કાર ચાલકની બાજુમાં બેઠેલા પ્રવિણજી રાઉજી ઠાકોર રહે.દેથળી તા.સિધ્ધપુરની અટકાયત કરી દારૂ, કાર, મોબાઈલ સહીત રૂ.૨,૭૦,૨૦૦નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.તેમજ ફરાર કાર ચાલકની શોધખોળ હાથ ધરવામાં આવતા બુટલેગરોમાં ફફડાટ પ્રસરી ગયો હતો.





# શ્રી કે. એન. શાહ મોડાસા હાઈસ્કૂલનું ગૌરવ

વર્ષ ૨૦૧૯-૨૦માં ઉત્તર ગુજરાત પ્રદેશકક્ષાએ કલા મહાકુંભ શ્રી શેઠ કે. કે. એમ.એસ ગર્લ્સ હાઈસ્કુલ, અંજાર ખાતે યોજાઈ ગયો. જેમાં સામાન્ય પ્રવાહની વિદ્યાર્થીની પટેલ ઉર્વી જશુભાઈ નિબંધ લેખન સ્પર્ધામાં પ્રથમ નંબર, શાળાના શિક્ષિકા બહેનશ્રી વાળંદ જાગૃતિબેન વાડીલાલ નિબંધ સ્પર્ધામાં દ્વિતીય નંબર, પ્રજાપતિ નંદન કનુભાઈ વાંસળી વાદન સ્પર્ધામાં દ્વિતીય નંબર અને પટેલ મિત મુકેશભાઈ વાંસળી વાદન સ્પર્ધામાં તૃતીય નંબર હાંસલ કરી મોડાસા હાઈસ્કુલનું ગૌરવ વધારેલ છે. પ્રદેશ કક્ષાએ પ્રથમ-દ્વિતીય નંબર પ્રાપ્ત કરનાર સ્પર્ધકો રાજ્ય કક્ષાએ ભાગ લેવા જશે. જવલંત સફળતા બદલ મોડાસા કેળવણી મંડળના હોદ્દેદારઓ, શાળાના આચાર્ય, વિભાગના સુપરવાઈઝરો શાળા પરિવારે સ્પર્ધકોને તથા શાળાના સંગીત શિક્ષક પી.ડી. બારોટ સાહેબને ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા.